ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકો નો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળની સેવાઓ માટે રૂ. ૨૦/-નો અરજી પ્રોસેસિંગ ચાર્જ વસુલ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્ર. નઅપ-૧૦૨૦૧૪-૧૬૦૮-વસુતાપ્ર-૪
સચિવાલય, ગાંધીનગર
તા.23/03/૨૦૧૬

વંચાણમાં લીધો-(૧)ઠરાવ ક્ર. નઅપ-૧૦૨૦૦૪/૮૩૮/વસુતાપ્ર-૧, તા. ૨૪.૦૯.૨૦૦૪
(૨) ઠરાવ ક્ર. નઅપ-૧૦૨૦૧૧/૨૨૨/વસુતાપ્ર-૧, તા. ૧૩.૦૪.૨૦૧૧

રાજ્યના નાગરિકોને સરકાર તરફથી મળતી સેવાઓ ઝડપી અને નિશ્ચિત સમયમર્યાદામાં મળે તેમજ સમગ્ર રાજ્યમાં સેવાઓ આપવાની પદ્ધતિમાં એકસુત્રતા જળવાય તે માટે જનસેવા કેન્દ્રો ઉભા કરેલ છે અને આ જનસેવા કેન્દ્રો પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે કાર્યરત કરવામાં આવેલ છે. આ જનસેવા કેન્દ્રોમાં રૂ. ૨૦/- સેવા ચાર્જ તરીકે વસુલ કરવા માટે આ વિભાગના ઉપર વંચાણે લીધેલ ઠરાવોથી સુચનાઓ આપેલ છે.

૨. નાગરિકોને જાહેર કરેલ સેવાઓ જાહેર સત્તામંડળ નિશ્ચિત સમયમર્યાદામાં પુરી પાડે તે માટેની જવાબદારી નક્કી કરવા અને તેનું પાલન કરવામાં ન આવે તેવા સંજોગોમાં નાગરિકો માટે ફરિયાદ નિવારણ તંત્રની વ્યવસ્થા પુરી પાડવાના હેતુ સાથે રાજ્ય સરકારે ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ,૨૦૧૩ ઘડેલ છે. આ અધિનિયમ હેઠળ નાગરિકોને સેવાઓ મેળવવાનો અધિકાર મળે છે, પરંતુ આ અધિનિયમની જોગવાઇઓનો યોગ્ય ઉપયોગ થાય અને ખરેખર જે નાગરિકોને સેવાઓ જોઇએ છે તેમને નિશ્ચિત સમયમર્યાદામાં સેવાઓ પુરી પાડી શકાય તે બાબત ધ્યાને લઇ અને આ સેવા પુરી પાડવામાં જન સેવા કેન્દ્રો જેવા પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ ધોરણે રચાયેલ કેન્દ્રોના માળખાનો ઉપયોગ કરવાનો થતો હોવાથી જન સેવા કેન્દ્રો/એટીવીટી કેન્દ્રો ની સુવિધાઓ આ કાયદા નીચે આપવાની સેવાઓ માટે પણ વાપરવાની હોવાથી યુઝર ચાર્જીસ વસુલ કરવા કે કેમ તે અંગેની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

૩. આથી પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકાર, ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ,૨૦૧૩ હેઠળ જાહેર કરેલ સેવાઓ માટે (યુઝર ચાર્જ-અરજી પ્રોસેસીંગ ચાર્જ તરીકે )રૂ. ૨૦/- ફી વસુલ કરવાનું ઠરાવે છે.

૪. આ યુઝર ચાર્જ નીચે મુજબની શરતો પુર્ણ થાય તે રીતે વસુલ કરવાના રહેશે.

(૧) જન સેવા કેન્દ્રો ધ્વારા આ અધિનિયમ હેઠળ સેવા આપવામાં આવે ત્યારે જન સેવા કેન્દ્રો જે રીતે પ્રાઇવેટ પબ્લિક પાર્ટનરશીપ ધોરણે હાલમાં સેવાઓ આપે છે. તે જ રીતે આ અધિનિયમ હેઠળ આપવાની થતી સેવાઓ માટે પણ યુઝર ચાર્જીસ વસુલ કરી શકશે. અને આ આવકની વહેંચણી હાલમાં જન સેવા કેન્દ્રની આવકની જે રીતે વહેંચણી થાય છે. તે રીતે કરવાની રહેશે.

(૨) ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ,૨૦૧૩ હેઠળની સેવાઓ સીધે સીધી સંબંધિત કચેરી ધ્વારા પુરી પાડવામાં આવે તેવા કિસ્સામાં સંબંધિત કચેરી અરજી પ્રોસેસિંગ ચાર્જ તરીકે (પરચુરણ આવક તરીકે) ઉઘરાવવાનો રહેશે અને સરકારની આવક તરીકે સંબંધિત આવકના સદરે જમા કરાવવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગની તા. ૨૪.૦૩.૨૦૧૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ટી. આર. સિધપુરા
૨૩-૩-૨૦૧૫
(ટી. આર. સિધપુરા)
ઉપ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

+નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

માનનીય મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી

સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી

નોડલ અધિકારીશ્રી (સર્વે વિભાગો)

સર્વે ખાતાના વડાઓ

સર્વે કલેક્ટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રી

નિયામકશ્રી, મ્યુનિસિપાલિટી તમામ નગરપાલિકાઓને જાણ કરવા વિનંતી સહ.

સર્વે મહાનગરપાલિકાઓ

એ. જી. કચેરી, રાજકોટ/ અમદાવાદ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર, સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

--------

+ પત્ર દ્વારા